# અંબાજીમાં આજથી ભાદરવી પૂનમનો મહામેળો, લાખો ભક્ત ઊમટી પડશે

**12,300 ચો.મી.ના રેસ્ટ શેલ્ટરથી 2.67 લાખ ચો.મી. પાર્કિંગ સુધી વ્યવસ્થા રહેશે**

ગાંધીનગરઃ ગુજરાતના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં 20થી 26 સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાશે ત્યારે દેશ-વિદેશમાંથી ઉમટનારા લાખો માઈભક્તોની સેવા અને સુરક્ષા માટે તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. રાજ્ય સરકાર દ્વારા કરાયેલા આયોજનમાં 12,300 ચો.મી.ના રેસ્ટ શેલ્ટર, 2.67 લાખ ચો.મી.નું પાર્કિંગ, 30 વોટર પેગોડા અને 33 ટોયલેટ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે.

લાંબી પદયાત્રા કરીને આવતા ભક્તોને આરામ મળી રહે તે માટે હડાદ અને દાંતા રૂટ પર કુલ 12,300 ચો.મી. વિસ્તારમાં રેસ્ટ શેલ્ટર તૈયાર કરાયા છે. હડાદ રૂટના પાંચ શેલ્ટરમાં આશરે 2,776 અને દાંતા રૂટના બે શેલ્ટરમાં 1,140 યાત્રાળુઓ માટે સિંગલ તથા બંક બેડની સુવિધા છે. હડાદ રૂટ પર 600 ફ્લોર બેડિંગની ક્ષમતા ધરાવતો અલગ શેલ્ટર પણ તૈયાર કરાયો છે. દાંતા રૂટ પર 2,000થી 2,500 અને ગબ્બર રૂટ પર 500 યાત્રાળુઓની ક્ષમતા ધરાવતા ફ્રી ફૂડ શેલ્ટર ઊભા કરાયા છે. યાત્રામાર્ગો પર 30 વોટર પેગોડા મુકાયા છે. સ્વચ્છતા માટે 33 ટોયલેટ બ્લોકમાં બાથ, WC, યુરિનલ અને હેન્ડવોશની સુવિધા ઉપલબ્ધ રહેશે. મેળામાં વાહનોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને હડાદ રૂટ પર 17 અને દાંતા રૂટ પર 21 સહિત કુલ 2,67,265 ચો.મી. વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે. યાત્રાળુઓને તાત્કાલિક સારવાર માટે છ ફર્સ્ટ એઈડ કાઉન્ટર અને 10 મેડિકલ/લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટર કાર્યરત રહેશે. રેસ્ટ શેલ્ટરમાં મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ પણ ઉપલબ્ધ રહેશે. યાત્રાળુઓને માર્ગદર્શન અને અવરજવર સરળ બને તે માટે આશરે 4,000 ચો.મી. વિસ્તારમાં સાઈનેજ-હોર્ડિંગ્સ, છ વેલકમ આર્ચ, બોક્સ ટાવર, ક્યુ મેનેજર અને બેરિકેડિંગ ગોઠવાયા છે.

# સુરત, ઉધના સહિતના સ્ટેશનથી ઉપડતી 13 જોડી સ્પે. ટ્રેનના ફેરા લંબાવાયા

**આ** સ્પે. ટ્રેનોના 282 ફેરા ડિસે. સુધી ચાલનાર હોવાથી સુરતમાં વસતા લાખો પરપ્રાંતીયોને ફાયદો થશે

**હાલમાં** તમામ રેગ્યુલર ટ્રેનોમાં વેઇટિંગ 250 ને પાર છે, ત્યારે આ વધારાના ફેરાથી ભીડ ઘણી ઓછી થશે

સુરતઃ દિવાળી, છઠ પૂજા અને નવા વર્ષના તહેવારોને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ ગુજરાતના મુસાફરોને મોટી ભેટ આપી છે. ઉધના, સુરત, વલસાડ, અસારવા અને વેરાવળથી ઉત્તર ભારત તરફ જતી 13 જોડી તહેવાર સ્પેશિયલ ટ્રેનોના કુલ 282 ફેરા નવેમ્બર અંત અને ડિસેમ્બરની શરૂઆત સુધી લંબાવવામાં આવ્યા છે. આ નિર્ણયથી સુરતમાં વસતા લાખો પરપ્રાંતીય શ્રમિકો, વિદ્યાર્થીઓ અને વેપારીઓને સીધો ફાયદો થશે. હાલમાં તમામ રેગ્યુલર ટ્રેનોમાં વેઈટિંગ 250 ને પાર છે, ત્યારે આ વધારાના ફેરાથી ભીડ ઘણી ઓછી થશે.

## સુરત અને દક્ષિણ ગુજરાત માટે સૌથી મહત્વની 5 ટ્રેન

» ઉધના - પ્રયાગરાજ સ્પેશિયલ (04106/04105): પ્રયાગરાજ, વારાણસી તરફ જતા મુસાફરો માટે આ સૌથી મહત્વની ટ્રેન છે. ટ્રેન નં. 04106 ઉધના » પ્રયાગરાજ હવે 30 નવેમ્બર સુધી અને 04105 પ્રયાગરાજ - ઉધના 29 નવેમ્બર સુધી દોડશે. » ઉધના - સુબેદારગંજ સ્પેશિયલ (04156/04155): આ ટ્રેનના વધારાના ફેરા જાહેર કરાયા છે. ટ્રેન નં. 04156 ઉધના - સુબેદારગંજ દર મંગળવાર અને શુક્રવારે 20 ઓક્ટોબરથી 27 નવેમ્બર સુધી અને રિટર્ન ટ્રેન 04155 સુબેદારગંજ - ઉધના દર સોમવાર અને ગુરુવારે 19 ઓક્ટોબરથી 26 નવેમ્બર સુધી દોડશે. » ઉધના - આગ્રા કેન્ટ સ્પેશિયલ (01908/01907): મથુરા, આગ્રા, ગ્વાલિયર તરફ જતા લોકો માટે. ટ્રેન નં. 01908 ઉધના - આગ્રા કેન્ટ 25 નવેમ્બર સુધી અને 01907 આગ્રા કેન્ટ - ઉધના 24 નવેમ્બર સુધી. » વલસાડ - સુબેદારગંજ સ્પેશિયલ (બે જોડી): વલસાડથી ઉપડતી બંને ટ્રેનો સુરત સ્ટેશને ઉભી રહે છે. ટ્રેન નં. 04120 વલસાડ - સુબેદારગંજ 29 નવેમ્બર સુધી અને 04119 સુબેદારગંજ - વલસાડ 28 નવેમ્બર સુધી. બીજી જોડી ટ્રેન નં. 04178 વલસાડ - સુબેદારગંજ 25 નવેમ્બર સુધી અને 04177 સુબેદારગંજ - વલસાડ 24 નવેમ્બર સુધી.

## ગુજરાત અને મુંબઈની અન્ય 8 જોડી ટ્રેનો

» બાંદ્રા ટર્મિનસ - વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી (02200/02199): 28 નવેમ્બર સુધી. » દાદર - પ્રયાગરાજ (04140/04139): 29 નવેમ્બર સુધી. » દાદર - સુબેદારગંજ (04176/04175): 24 નવેમ્બર સુધી. » અસારવા - આગ્રા કેન્ટ (01909/01910): 24 નવેમ્બર સુધી. » અસારવા - કાનપુર સેન્ટ્રલ (01906/01905): સૌથી છેલ્લે સુધી, 1 ડિસેમ્બર સુધી લંબાવાઈ છે. » સાબરમતી - પ્રયાગરાજ (04180/04179): અગાઉ આ ટ્રેન ગાંધીગ્રામથી ઉપડતી હતી, હવે પ્લેટફોર્મની અછતને કારણે સાબરમતીથી ઉપડશે. 4 ઓક્ટોબરથી 29 નવેમ્બર સુધી દોડશે. » ઇન્દોર - સુબેદારગંજ (04170/04169): 28 નવેમ્બર સુધી. આ ટ્રેનને હવે ફફૂંદ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. » વેરાવળ - પ્રયાગરાજ (04174/04173): 27 નવેમ્બર સુધી.

# નર્સિંગ સહિતના પેરામેડિકલ કોર્સના બીજા રાઉન્ડની ચોઇસ ફીલિંગ શરૂ

**હજુ** 38208 બેઠક ખાલી હોવાથી ચોઇસ ફીલિંગ માટે અનેક વિકલ્પો ઉપલબ્ધ થઇ શકશે

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે બી.એસસી. નર્સિંગ, ફિઝિયોથેરાપી, GNM, ANM, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.એ.એસ.એલ.પી. તેમજ નેચરોપથી સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે બીજા રાઉન્ડની ચોઇસ ફીલિંગ શરૂ થઇ ગઇ છે.

પ્રવેશ સમિતિ દ્વારા પ્રથમ રાઉન્ડનું એલોટમેન્ટ પૂર્ણ થયા બાદ હવે બીજા રાઉન્ડની ઓનલાઇન ચોઇસ ફીલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રથમ રાઉન્ડમાં વિવિધ કોર્સમાં કુલ 10,072 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. પ્રથમ રાઉન્ડમાં કોર્સ મુજબ રિપોર્ટિંગ પૂર્ણ થયા બાદ કુલ મંજૂર 48,280 બેઠકોમાંથી 10,072 બેઠકો ભરાઇ છે, જ્યારે 38,208 બેઠકો ખાલી રહી છે. પ્રવેશ સમિતિ મુજબ બીજા રાઉન્ડ માટેની ઓનલાઇન ચોઇસ ફીલિંગ પ્રક્રિયા 21 સપ્ટેમ્બર 2026ના સવારે 11 વાગ્યા સુધી કરી શકાશે.

પ્રથમ રાઉન્ડ બાદ જાહેર થયેલી વિગતો મુજબ ANMમાં સરકારી સંસ્થાઓની 285 અને સેલ્ફ-ફાઇનાન્સિંગ સંસ્થાઓની 9,008 બેઠકો ખાલી છે. BASLPમાં સરકારી સંસ્થાની 11 અને SFIની 2 બેઠકો, જ્યારે BOPમાં 17 બેઠકો ખાલી રહી છે. BPTમાં સરકારી સંસ્થાઓની 150 અને SFIની 2,122 બેઠકો ખાલી છે. B.Sc. નર્સિંગમાં સરકારી સંસ્થાઓની 111 અને SFIની 10,792 બેઠકો ખાલી છે. GNMમાં સરકારી સંસ્થાઓની 322 અને SFIની સૌથી વધુ 15,276 બેઠકો ખાલી છે.

# સુરત જિ.પં.માં 69 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત પ્રમુખના અધ્યક્ષસ્થાને સંકલન થશે

**સંકલન** બેઠકમાં તમામ કમિટીના અધ્યક્ષ જોડાશે, રજૂઆતો, સ્વભંડોળનાં કામોની ચર્ચા થવાની સંભાવના

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની સ્થાપનાના 69 વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર પ્રમુખના અધ્યક્ષસ્થાને વિવિધ સમિતિઓના અધ્યક્ષોની સંકલન બેઠક યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી મંગળવાર અથવા બુધવારે પ્રમુખ સમીર મોદીના અધ્યક્ષસ્થાને આ બેઠક યોજાય તેવી શક્યતા છે. જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓ દ્વારા અલગ-અલગ ક્ષેત્રોમાં કામગીરી કરવામાં આવે છે. બીજી તરફ વહીવટી તંત્ર દ્વારા સરકારની ગ્રાન્ટ અને વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં ચૂંટાયેલી પાંખ અને વહીવટી તંત્ર વચ્ચે વધુ સંકલન રહે તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતી રજૂઆતોનો ઝડપી નિકાલ થાય તે માટે આ બેઠક મહત્વની બની શકે છે.

## રૂ.66 કરોડથી વધુના સ્વભંડોળ પર શાસકોની નજર

જિલ્લા પંચાયતનું સ્વભંડોળ પોતાના સ્રોતમાંથી ઉપલબ્ધ થતું હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં કયા કામોને પ્રાથમિકતા આપવી અને ક્યાં નાણાં ફાળવવા તે અંગે ચૂંટાયેલી પાંખ માટે આ મહત્વનું સાધન છે. સરકારની ગ્રાન્ટ હેઠળના કામોમાં ચોક્કસ ગાઈડલાઈનનું પાલન કરવું પડે છે, જ્યારે સ્વભંડોળમાંથી સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નિયમોનુસાર આયોજન કરી શકાય છે. તેથી આગામી દિવસોમાં સ્વભંડોળનો ઉપયોગ કયા વિકાસકામો માટે કરવામાં આવે અને કયા વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવે તે મુદ્દે પણ શાસકોનું ધ્યાન કેન્દ્રિત રહે તેવી શક્યતા છે.

## ૧૬મા નાણાપંચની ગ્રાન્ટ પણ ચર્ચામાં આવી શકે

તાજેતરમાં અમલી બનેલા ૧૬મા નાણાપંચમાં પણ ગ્રામ્ય વિકાસ માટેની ફાળવણી અને પ્રાથમિકતાઓમાં ફેરફાર જોવા મળ્યો છે. ખાસ કરીને સ્વચ્છતા જેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત ગ્રામ પંચાયતોના મિલકત વેરા સંબંધિત જોગવાઈઓનો અમલ પણ આગામી સમયમાં જિલ્લા પંચાયત માટે મહત્વનો મુદ્દો બની શકે છે. પરિવારદીઠ મહત્તમ રૂ.૧,૨૦૦ સુધીના મિલકત વેરા અને તેમાં અઢી ટકાના વૃદ્ધિદરની જોગવાઈના અમલીકરણમાં ગ્રામ્ય સ્તરે પડકારો ઊભા થાય તો તેની અસર અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે.

### બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતનો દબદબો

# વલસાડના એડવોકેટ પ્રવિણ પટેલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન બન્યા

**એનરોલમેન્ટ** કમિટિનાં ચેરમેન સુરતના હિતેષ પટેલ, ઝકી શેખ ડિસેબલ્ડ એડવોકેટ વેલફેરના વા. ચેરમેન બન્યા

**એડવોકેટ** પ્રીતીબેન જોષીને લીગલ એજ્યુકેશન અને લીગલ સેમિનાર કમિટીના વાઈસ ચેરમેન બનાવાયા

**કાયમી** સમાધાન પંચના ચેરમેન તરીકે હરેશ નાકરાણીની પસંદગી, ભાવેશ રબારીને પણ મહત્ત્વની જવાબદારી અપાઈ

સુરતઃ લાંબા સમય બાદ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચુંટાયેલા સભ્યોની આજે બેઠક મળી હતી. જેમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતનો દબદબો જોવા મળ્યો છે.

બીસીજી ચેરમેન તરીકે વલસાડના પ્રવિણ પટેલની નિમણૂંક સાથે એનરોલમેન્ટ કમિટીમાં સુરતના હિતેશ પટેલને ચેરમેન પદનું સુકાન સોંપવામાં આવ્યું છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની બોર્ડની મળેલી બેઠકમાં પૂર્વ ચેરમેન જે.જે. પટેલને બીસીઆઈના સભ્ય તરીકે બિનહરીફ પસંદ કરવામાં આવ્યા હતા. જ્યારે બીસીજીના ચેરમેન વલસાડના વકીલ પ્રવિણ પટેલ બન્યાં હતા.

વાઈસ ચેરમેન તરીકે વડોદરાના નિમિષા ધોત્રે, એક્ઝીક્યુટીવ કમિટીના ચેરમેન તરીકે અનિરુદ્ધસિંહ ઝાલાની નિમણુંક થઈ હતી.બીસીજીમાં મહત્ત્વની ગણાતી એનરોલમેન્ટ કમિટીમાં ચેરમેન તરીકે સુરતના હિતેશ પટેલ અને સભ્ય તરીકે ભાવેશ રબારીની પસંદગી કરવામાં આવી હતી. તેમજ લીગલ એજ્યુકેશન અને લીગલ સેમીનાર કમિટિના વાઈસ ચેરમેન તરીકે સુરતના પ્રીતિ જીજ્ઞેશ જોષીની નિમણૂંક કરવામાં આવી છે.

જયારે ડિસેબલ્ડ એડવોકેટ વેલફેર કમિટી, પરમેનન્ટ કન્સિલિએશન બોર્ડનાં વાઈસ ચેરમેન તરીકે ઝકી શેખ, કાયમી સમાધાન પંચના ચેરમેન તરીકે હરેશ નાકરાણીની પસંદગી કરવામા આવી હતી. આમ, બીસીજીમાં મહત્વના પદો પર દક્ષિણ ગુજરાતના સભ્યોની પસંદગી થતાં બીસીજીમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતનો દબદબો વધી ગયો છે.

# એમબીબીએસ અને ડેન્ટલમાં રાઉન્ડ-2 બાદ 714 બેઠક ખાલી, 3 બેઠક રદ

અમદાવાદઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે મેડિકલ અને ડેન્ટલ બેઠકો પર સ્નાતક કક્ષાના એમબીબીએસ અને ડેન્ટલ પ્રવેશ માટે રાઉન્ડ-2નું રિપોર્ટિંગ 16 સપ્ટેમ્બરથી 19 સપ્ટેમ્બર 2026 દરમિયાન યોજાયું હતું. રિપોર્ટિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી બેઠકોની વિગતો પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવી છે. જાહેર કરાયેલી વિગતો મુજબ, એમબીબીએસમાં કુલ 442 બેઠકો અને ડેન્ટલમાં 272 બેઠકો, મળી કુલ 714 બેઠકો ખાલી રહી છે. આમાંથી MBBSની 439 બેઠકો નોન-રિપોર્ટિંગના કારણે ખાલી રહી છે, જ્યારે 3 બેઠકો રદ્દ કરવામાં આવી છે. બીજી તરફ, BDSમાં 272 બેઠકો નોન-રિપોર્ટિંગના કારણે ખાલી રહી છે. રાઉન્ડ-2 બાદ ખાલી રહેલી આ બેઠકોને ધ્યાનમાં રાખીને આગામી પ્રવેશ પ્રક્રિયા અંગે પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવનારી જાહેરાત વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ રહેશે.

# અનુસ્નાતક ડેન્ટલ કોર્સના બીજા રાઉન્ડની ચોઈસ ફીલિંગ પ્રક્રિયા શરૂ

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે અનુસ્નાતક કક્ષાના ડેન્ટલ કોર્સમાં પ્રવેશ માટેના બીજા રાઉન્ડની ચોઈસ ફીલિંગ પ્રક્રિયાનો આજથી પ્રારંભ થયો છે. પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારો 22 સપ્ટેમ્બર 2026ના સવારે 10 વાગ્યા સુધી પોતાની પસંદગીની ચોઈસ ભરી શકશે. પ્રવેશ સમિતિ દ્વારા જણાવ્યા મુજબ, બીજા રાઉન્ડ માટે ઉમેદવારોએ સમયમર્યાદામાં ઓનલાઈન ચોઈસ ફીલિંગ કરવાની રહેશે. ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલી ચોઈસ 22 સપ્ટેમ્બરના બપોરે 12 વાગ્યા સુધી જોઈ શકાશે. ડેન્ટલ કોર્સના પ્રથમ રાઉન્ડ બાદ નોન-કન્વર્ટેડ અને નોન-રિપોર્ટેડ રહેલી બેઠકો પર બીજા રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# મુખ્યમંત્રી દ્વારા સાબરમતી જેલની મુલાકાત લઈ કેદીઓ સાથે સંવાદ

ગાંધીનગરઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનસેવા, સાધના અને સુશાસનનાં ૨૫ વર્ષના યોજાઈ રહેલા ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લઈને કેદીઓ સાથે સહજ સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીએ કેદીઓ સાથે હળવાશથી વાતચીત કરી વાતાવરણને હળવું બનાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જેલમાં બનાવવામાં આવતી વસ્તુઓ સામાન્ય નાગરિકો સુધી પહોંચે છે અને અહીંના ભજિયા પણ પ્રખ્યાત છે.

મુખ્યમંત્રીએ કેદીઓ પાસેથી ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ’ ભજનનું શ્રવણ કર્યું હતું તેમજ ભજનમાં દર્શાવેલા મૂલ્યોનું અનુસરણ કરી સાચા અર્થમાં વૈષ્ણવજન બનવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, એક નાની એવી ભૂલના કારણે મોટું નુકસાન થઈ શકે છે. એટલું જ નહીં, તેનું પરિણામ આખા પરિવારને ભોગવવું પડે છે. આ માટે તેમણે સૌને સંયમના માર્ગે ચાલવા અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન સમગ્ર દેશને પોતાનો પરિવાર માને છે, ત્યારે કેદીઓને પણ જરૂરી સુવિધાઓ મળી રહે તેનું ધ્યાન રાજ્ય સરકાર દ્વારા રાખવામાં આવી રહ્યું છે. તેમણે કેદીઓના કૌશલ્ય વિકાસ માટે કાર્યરત કોમ્પ્યુટર સેન્ટર, સુથારીકામ, વણાટકામ અને બુક બાઈન્ડિંગ સેન્ટરની મુલાકાત લઈ વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી મેળવી હતી.

ભૂપેન્દ્ર પટેલે સાબરમતી મધ્યસ્થ જેલમાં કેદીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ વસ્તુઓની ખરીદી પણ કરી હતી. આઝાદીની લડત દરમિયાન સરદાર પટેલ, ઝવેરચંદ મેઘાણી, અબ્બાસ તૈયબજી, રવિશંકર મહારાજ અને રસિકલાલ પરીખ જેવા મહાનુભાવોએ સાબરમતી મધ્યસ્થ જેલના જે ઓરડાઓમાં નિવાસ કર્યો હતો, તેની મુલાકાત પણ લીધી હતી.

# મિત્ર સાથે બાઈક પર જઈ રહેલા સુરતના ટ્રાફિક પોલીસ કર્મીના પુત્રને અકસ્માત

**નર્સિંગ** કોલેજમાં ભણતો પોલીસ પુત્ર મિત્રની બાઇક લઈ પસાર થતો હતો, અન્ય બાઇક સાથે અથડાયો, હાલત ગંભીર

સાયણઃ ઓલપાડના માસમા-ઓરમા રોડ ઉપર સરોલ ગામ પાસે ઈશનપોરની બી.એસ.સી. નર્સિંગ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા સુરત શહેરના ટ્રાફિક પોલીસ કર્મીના પુત્રને અકસ્માત નડ્યો હતો. તે જ્યારે કોલેજમાં અભ્યાસ કરતા મિત્ર સાથે બાઈક હંકારી જઇ રહ્યો હતો, ત્યારે અન્ય બાઈક ભટકાતાં પોલીસ પુત્ર હાલમાં સુરત શહેરની એક ખાનગી હોસ્પિટલના બિછાને વેન્ટિલેટર ઉપર સારવાર લઇ રહ્યો છે.

સુરતના સલાબતપુરા પોલીસ લાઈનની બિલ્ડિંગ નં.બી-૧ના ફ્લેટ નં.૯માં અરવિંદસિંહ ફતેસિંહ સોલંકી તેના પરિવાર સાથે રહે છે.

સુરતના કતારગામ દરવાજા પાસે ટ્રાફિક પોલીસમાં એ.એસ.આઈ.ની નોકરી કરતા અરવિંદસિંહનો ૨૧ વર્ષીય પુત્ર રૂષિક તેના મિત્રો જયમિન ભુસારા અને વિશાલ હળપતિ સાથે ઓલપાડના ઈસનપોરની વાયબ્રન્ટ નર્સિંગ કોલેજના બી.એસ.સી. નર્સિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતા હોવાથી ત્રણેય મિત્રો હાલ માસમા-ઓરમા રોડની બાજુમાં આવેલી સમર્થ સેરેના સોસાયટીના રૂમ નં.૨૮૦માં ભાડેથી રહેતા હતા. ગત તા.૧૯ના રોજ રોજ રાત્રે ૮ કલાકે રૂષિક તેના મિત્ર જયમિનની માલિકીની બાઇક નં.(જીજે-૧૫,એ.આર-૮૭૯૩) હંકારી માસમા-સરોલ રોડ પરથી પસાર થઈ રૂમ ઉપર જઈ રહ્યો હતો. એ વખતે રૂષિક બાઈક ચલાવી રહ્યો હતો અને વિશાલ હળપતિ બાઈકની સીટ પાછળ બેઠો હતો. બંને જ્યારે માસમાની રોયલ ઈનસાઈટ સોસાયટી સામેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે રોડ ઉપર સામેથી પૂરઝડપે દોડતી બાઈક નં.(જીજે-૦૫,એન.વી-૧૪૬૦)ના ચાલક મેહુલ પાતા ચાવડા (રહે., સી-૨, બારમાં માળે, ગોટાલાવાડી ટેનામેન્ટ, સુરત)એ બાઇકની લાઈટ વારંવાર અપર-ડીપર મારી બાઇક રૂષિકની બાઇક સાથે અથડાવી હતી. જેથી બંને બાઈક ચાલકો પટકાતાં વિશાલ હળપતિનો આબાદ બચાવ થયો હતો, પરંતુ રૂષિકને માથામાં હેમરેજ તથા ચહેરાના ભાગે ફેક્ચર થતાં બેભાન થઈ ગયો હતો. તો મેહુલને પણ ગંભીર ઈજા થતાં બંનેને રાંદેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. રૂષિકની હાલત ખૂબ ગંભીર બતાવાઈ છે. ઓલપાડ પોલીસે મેહુલ ચાવડા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# સુરતનું ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક 26 વર્ષોથી સાંધા અને સ્નાયુના દુખાવા મટાડે છે

સુરતઃ સુરત સ્થિત ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક્સ છેલ્લા ૨૬ વર્ષોથી સાંધા અને સ્નાયુઓના વિવિધ પ્રકારના દુખાવા, જકડન અને સોજાની ગંભીર સમસ્યાઓ પર ૧૦૦% પરિણામ સાથે શુદ્ધ આયુર્વેદિક ઉપચાર પૂરા પાડી રહ્યું છે. જે પારસી આયુર્વેદિક ડૉક્ટર રૂસ્તમજી બમનજી જીનવાલા અને સિનિયર વનસ્પતિ શાસ્ત્રી ડૉ. ગ્રેહામ ટેબની ૧૧ વર્ષની લાંબી મહેનત અને સઘન સંશોધનના પરિણામ સ્વરૂપે થઈ હતી. સુરત ઉપરાંત પુનામાં છેલ્લા ૩૯ વર્ષથી અને નાગપુરમા છેલ્લા ૩૦ વર્ષથી આ ક્લિનિક પોતાની ઉત્કૃષ્ટ અને વિશ્વાસપાત્ર સેવાઓ આપી રહ્યું છે.

અહીં આપવામાં આવતી સારવારની વિશેષતાઓની વાત કરીએ તો, તેમાં સાંધાઓનું પુનર્નિર્માણ મુખ્ય છે; જ્યાં માત્ર દર્દ, સોજો કે જકડાહટ દૂર નથી થતી પરંતુ સાંધાઓની વચ્ચે ઘસાઈ ગયેલી કોમલાસ્થિ કુદરતી રીતે રિજિનરેટ થાય છે અને સાંધો તેના મૂળ સ્વરૂપમાં પાછો ફરે છે, જેની સત્યતા દર્દીઓ સારવાર પછી એક્સ-રે કે એમઆરઆઈ કરાવીને ચકાસી શકે છે. આ ક્લિનિકમાં દરેક દર્દીની શારીરિક પરિસ્થિતિ, પાચનશક્તિ, આહાર-વિહારની આદતો, દિનચર્યા, માનસિક સ્થિતિ અને રોગપ્રતિકારક શક્તિનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને એકદમ વ્યક્તિગત (Personalized) દવા તૈયાર કરવામાં આવે છે. આ ક્લિનિકમાં લોહીના વિકારો જેવા કે RA Factor (આમવાત), ANTI CCP, CRP, ASO TITRE (ઉષ્ણવાત), URIC ACID (ગઠિયોવા), CPK તેમજ સાંધા અને મણકાની જટિલ સમસ્યાઓ જેવી કે સર્વાઈકલ અને લંબર સ્પોન્ડીલોસીસ, એંકાયલોઝીંગ સ્પોન્ડીલોસીસ, હીપ જોઈન્ટ નેક્રોસીસ, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલ્બો અને લિગામેન્ટ ટેર વગેરે રોગોનું અત્યંત સચોટ નિદાન અને સફળ સારવાર કરવામાં આવે છે.



# નર્મદ યુનિવર્સિટી કેમ્પસમાં તાળું તોડી રૂપિયા ૯૦ હજારની મતાની ચોરી

સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં દિવસ રાત 80 ગાર્ડની સુરક્ષાની વ્યવસ્થા વચ્ચે ચોરીનો બનાવ બન્યો છે. યુનિવર્સિટીના જે.પી. ટાવરમાં આવેલા એમ.એસસી. (આઈટી) વિભાગના બિલ્ડિંગનું પાછળનું તાળું તોડી ચાર અજાણ્યા હેલ્મેટધારી ચોરોએ અંદર પ્રવેશ કરી એમ્પ્લિફાયર, એસીના કોપર વાયર-પાઈપ, ઈલેક્ટ્રિક અને સીસીટીવી વાયર સહિત અંદાજે રૂપિયા ૯૦ હજારની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સમગ્ર બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થયો હોવાનું સામે આવ્યું છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### આખા રાજ્યમાં...

સમયસર એન્ટ્રી થવી જોઈએ અને આપેલા લક્ષ્યાંકોની સિદ્ધિની કચેરીના વડાઓ દ્વારા નિયમિત સમીક્ષા થવી જોઈએ. હાલ 27મા ક્રમે રહેલા સુરતને આગામી સમયમાં 1થી 10ના ક્રમમાં લાવવાનો લક્ષ્યાંક રાખીને તમામ વિભાગોએ સામૂહિક મહેનત કરવા કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું. સુરતની ઓળખ મોટા ઉદ્યોગો, વેપાર અને ઝડપી વિકાસ માટે થાય છે, પરંતુ સામાન્ય નાગરિકના સરકારી કામ અને પડતર અરજીઓના નિકાલની વાત આવે ત્યારે સીએમ ડેશબોર્ડ પરનો 27મો ક્રમ ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.

લોકોના પ્રશ્નો સમયસર ઉકેલાય છે કે નહીં, અરજીઓનો નિકાલ કેટલો ઝડપથી થાય છે અને વિભાગો તેમની જવાબદારી કેટલી અસરકારક રીતે નિભાવે છે. આ તમામ બાબતો હવે ચર્ચાના કેન્દ્રમાં આવી છે. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદી, ધારાસભ્યો સંદીપ દેસાઈ, પ્રવીણભાઈ ઘોઘારી, અરવિંદભાઈ રાણા અને મુકેશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર મીણા, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી, પ્રાંત અધિકારીઓ, ડેપ્યુટી કલેક્ટરો, પોલીસ વિભાગ, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તથા જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### લસણ પણ...

નહીં પણ તેના આસમાને પહોંચેલા ભાવ છે! મધ્યપ્રદેશમાં વરસાદની ખેંચ અને દુષ્કાળ જેવા માહોલને કારણે લસણના ઉત્પાદનને ભારે ફટકો પડ્યો છે. પરિણામે, સુરતના બજારમાં સૂકા લસણની એવી અછત સર્જાઈ છે કે તેના ભાવ સાંભળીને ગૃહિણીઓ પણ વિચારમાં પડી ગઈ છે.

હાલ સુરતના હોલસેલ બજારમાં સૂકું લસણ કિલોદીઠ રૂ. 200થી રૂ. 220 માં વેચાઈ રહ્યું છે. જ્યારે શાકભાજી માર્કેટમાં પહોંચતા જ છૂટક ભાવ રૂ. 300થી રૂ. 320 પ્રતિ કિલો સુધી બોલાઈ રહ્યો છે! ભાવ એટલા વધી ગયા છે કે જે ગૃહિણીઓ પહેલા અડધો કે એક કિલો લસણ સીધું થેલીમાં મૂકી દેતી હતી, તે હવે ‘તંગ બજેટ’ના કારણે માત્ર 250 ગ્રામથી કામ ચલાવી રહી છે. 250 ગ્રામ લસણ માટે પણ ખિસ્સામાંથી રૂ. 80 ઢીલા કરવા પડી રહ્યા છે. ગૃહિણીઓએ પણ હવે દેશી જુગાડ શોધ્યો છે–ઘણા પરિવારો લસણ ખરીદવાને બદલે મોલમાં મળતી લસણ-આદુની તૈયાર પેસ્ટ વાપરી રહ્યા છે, જે આ મોંઘવારીના સમયમાં લસણ કરતાં પણ સસ્તી પડી રહી છે!

### હવે રામપુર...

લસણના બિયારણ માટે ઓળખાય છે. અછતના કારણે હાલ ત્યાં ખેડૂતોને લસણનું બિયારણ જ કિલોદીઠ રૂ. 160થી રૂ. 190 માં પડી રહ્યું છે. હવે જોવાનું એ રહેશે કે રામપુર અને શિમલાથી આવતો આ નવો માલ સુરતીઓના રસોડા અને ખિસ્સાને કેટલી રાહત આપે છે!

### ઝોનની ટીમ...

થાય છે અને નિકાલ થતો નથી. જેથી મચ્છરો થાય છે તેમજ અગાસી પર પણ પાણીનો ભરાવો રહે છે. જેથી અહી સોમવારે કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેરની ટીમ મોકલાશે તેમ તેઓએ જણાવ્યું હતું.

### ગોટાલાવાડી ટેનામેન્ટમાં...

અને યુવાનો પણ ચિકનગુનિયાને લઈ સાંધાના દુખાવાથી પીડાઈ રહ્યા છે, જેના કારણે સ્થાનિક ક્લિનિકો અને હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, 1304 જેટલા પરિવારો ધરાવતા આ પરિસરમાં ફેબ્રુઆરી મહિનામાં મકાન સોંપાયા ત્યારથી જ ગટર અને પાણીના નિકાલની ગંભીર સમસ્યા છે. ધાબા પર મુકેલા પાણીના ટાંકાનું ઓવરફ્લો પાણી સીધું રસ્તા પર વહે છે અને માત્ર 10થી 15 મિનિટના વરસાદમાં જ આખા કેમ્પસમાં પાણી ભરાઈ જાય છે, જેનાથી મચ્છરોનો ઉપદ્રવ વધતો જ જાય છે. સ્થાનિકોનો આરોપ છે કે અસંખ્ય ઓનલાઈન ફરિયાદો છતાં મનપા ધ્યાન આપતી નથી અને નજીકના મોટા મોલ તેમજ હાઈરાઈઝ બિલ્ડિંગો સામે આંખ આડા કાન કરીને માત્ર ગરીબ પરિવારોને જ નોટિસો આપે છે. પરિસરમાં ડોર-ટુ-ડોર કચરાની ગાડી પણ નિયમિત આવતી ન હોવાથી ઠેર-ઠેર કચરાના ઢગલા ખડકાયા છે, જેના કારણે રોગચાળો વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

સ્થાનિકોએ ચેતવણી આપતાં જણાવ્યું છે કે જો મનપા દ્વારા તાત્કાલિક ધોરણે પાણી તથા કચરાનો નિકાલ નહીં કરાય અને ફોગિંગ કે દવાઓનો છંટકાવ કરવામાં નહીં આવે તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે. જો કોઈ નિર્દોષ બાળકનો જીવ જશે તો તેની સંપૂર્ણ જવાબદારી સુરત મનપાની રહેશે. રહીશોએ માંગ કરી છે કે આરોગ્ય વિભાગની વિશેષ મેડિકલ ટીમ તાત્કાલિક ગોટાલાવાડી ટેનામેન્ટ પરિસરમાં મોકલી દરેક બ્લોકમાં સઘન સરવે હાથ ધરવામાં આવે, અસરગ્રસ્તોને ત્વરિત સારવાર પૂરી પાડવામાં આવે, જંતુનાશક દવાઓનો છંટકાવ કરાય અને વરસાદી પાણીના કાયમી નિકાલ માટે ડ્રેનેજ વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

### બાથરૂમમાં નહાવા...

અવાજ આપ્યો હતો. જોકે અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો નહોતો. જેથી પરિવારજનોએ દરવાજો તોડી અંદર પ્રવેશ કરતાં પ્રિયમ બેભાન હાલતમાં મળી આવી હતી. ઘટનાને પગલે પરિવારજનો ગભરાઈ ગયા હતા અને તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જોકે ત્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

ઘટનાની જાણ કતારગામ પોલીસને થતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બાથરૂમમાં ગેસ ગીઝર હોવાની વિગતો સામે આવી છે. ગેસ ગીઝરના કારણે બાથરૂમમાં ગૂંગળામણ થઈ હોવાની શક્યતા કતારગામ પોલીસ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જોકે પોલીસ દ્વારા પણ મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે તેમ જણાવાયું છે. બેંકમાં કામ કરતી પિતા સહિત પરિવાર પર આ અચાનક થયેલા મોતથી આભ તૂટી પડ્યું હતું.

### ભાડેની કાર...

સ્કૂલમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતો ૧૫ વર્ષીય વીર લાલજીભાઈ ઢોલરીયાએ એકાદ મહિના પહેલાં ભાવેશ સાંગડીયા નામના શખ્સ મારફતે મોટા વરાછા, લજામણી ચોક ખાતેથી સ્વિફ્ટ કાર ભાડે લીધી હતી. કાર ચલાવતી વખતે અકસ્માત થતાં વાહનને નુકસાન થયું હતું. આ નુકસાનીના નાણાં ભરપાઈ કરવા માટે ભાવેશ સાંગડીયા ઉઘરાણી કરતો હતો, જેથી વીર અને તેના મોટા ભાઈ ધ્રુવીલે કટકે-કટકે નાણાં ચૂકવી પણ આપ્યા હતા. આમ છતાં, ભાવેશ સાંગડીયા અવારનવાર વીર સાથે ઢોલ-ધપાટ કરી ધમકીઓ આપતો હતો. ગત ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજના પાંચેક વાગ્યે ભાવેશે વીરને બોલાવીને ભીષણ ગાળો ભાંડી હતી અને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ સતત માનસિક ત્રાસ અને ધમકીથી ગભરાઈ ગયેલા માસૂમ વીરે ઘરની પાસે આવીને અનાજમાં નાખવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી.ઘરે આવીને ઉલટીઓ કરવા લાગતાં પરિવારે તાત્કાલિક તેને સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તેણે ભાનમાં આવતાં પિતા લાલજીભાઈ અને કાકા શૈલેષભાઈ સમક્ષ ભાવેશ સાંગડીયા દ્વારા અપાતા ત્રાસની હકીકત જણાવી હતી. જોકે, ટૂંકી સારવાર બાદ ૧૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે વીરનું કરૂણ મોત નીપજ્યું હતું. પુત્રના અકાળે મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.સરથાણા પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે આરોપી ભાવેશ સાંગડીયા સામે આત્મહત્યાની દુષ્પ્રેરણનો ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### અગાઉ આજ...

નોકરી પર રાખવામાં આવી હતી. આ કારણસર ઉશ્કેરાઈને વિનોદે દુકાનમાં આગ લગાવી હોવાની આશંકા પોલીસ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે વેપારી હનુમાન પ્રસાદે જણાવ્યું હતું કે દુકાનમાં અન્ય એક વ્યક્તિ પણ વહીવટી કામગીરી સંભાળતો હતો અને વિનોદ તેની સાથે જ કામ કરતો હતો. વિનોદને ચોક્કસ કઈ બાબતનો રોષ હતો અને તેણે આટલું મોટું પગલું શા માટે ભર્યું તેની તેમને જાણ નથી.

### ‘ફાઈલનો નિકાલ’નહીં,...

હતું. આગામી દિવસોમાં યોજાનારા સેવાસેતુ કાર્યક્રમમાં તમામ લાઇન ડિપાર્ટમેન્ટની હાજરી સુનિશ્ચિત કરવા તથા 100 ટકા સેચ્યુરેશન હાંસલ કરવા પણ કલેક્ટરે અધિકારીઓને સૂચના આપી હતી. દરેક કચેરીના વડાએ પોતાના વિભાગને અપાયેલા લક્ષ્યાંકોની સિદ્ધિની સમીક્ષા કરવાની રહેશે.

### આગ લગાડનાર...

તે મળ્યો નથી. જેને કારણે પોલીસની કામગીરી સામે આશંકાઓ ઉઠી છે.

સારોલી વિસ્તારમાં આવેલી શ્યામ સંગિની માર્કેટના છઠ્ઠા માળે મંગળવારે મોડી રાત્રે લાગેલી ભીષણ આગમાં ૧૭ દુકાનો ખાખ થઈ જતાં વેપારીઓને આશરે રૂ.૨૪ કરોડનું નુકસાન થયું હતું. આ ચકચારી આગમાં આગ લગાડનાર વ્યક્તિ સીસીટીવી ફુટેજમાં દેખાયો હતો. ૮૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસી આરોપીની ઓળખ સુધી પહોંચ્યા બાદ પણ ક્રાઈમ બ્રાન્ચ અને સારોલી પોલીસ તેની ધરપકડ કરી શકી નથી. પોલીસે ચહેરા પર સફેદ રૂમાલ બાંધી સ્પ્લેન્ડર પર ફરાર થયેલા શખ્સની હિલચાલ જાણવા તેના આવવા-જવાના બંને રૂટના સીસીટીવી ફૂટેજ ખંગાળ્યા હતા. ફૂટેજના એનાલિસિસમાં સામે આવ્યું હતું કે આરોપી પોલીસને ગેરમાર્ગે દોરવા માટે કડોદરા તરફથી આવ્યો હતો. આગ લગાવ્યા બાદ તે ફરી કડોદરા રોડ તરફ ગયો હતો, પરંતુ પસોદરા પાટિયા પાસેથી યુ-ટર્ન મારી ચહેરા પરથી રૂમાલ ઉતારી નાખ્યો હતો. ત્યારબાદ તે પુણા ગામથી ગોડાદરા તરફ ગયો હતો. વધુ સીસીટીવી તપાસતાં તેની હિલચાલ ડિંડોલી સ્થિત બિલીપત્ર રેસિડેન્સી સુધી પહોંચી હતી. આરોપી બિલ્ડિંગના ગેટમાં પ્રવેશતો નજરે પડતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. તપાસમાં સીસીટીવીમાં દેખાતો શખ્સ વિનોદ પંડિત સાવલે હોવાનું સામે આવ્યું હતું અને તે બિલ્ડિંગના પહેલા માળે ફ્લેટ નં.૪૧માં પત્ની તથા બે બાળકો સાથે રહેતો હોવાનું જાણવા મળ્યું હતું.

આગકાંડમાં કરોડોનું નુકસાન, માર્કેટ સીલ અને સેંકડો લોકોની રોજગારી પર અસર વચ્ચે પોલીસ આરોપીની ઓળખ સુધી તો પહોંચી છે, પરંતુ તેની ધરપકડ હજુ બાકી છે. હવે પોલીસ સામે સૌથી મોટો પડકાર સીસીટીવીમાં ઓળખાઈ ગયેલા વિનોદ સાવલેને ઝડપી લાવી સમગ્ર આગકાંડનું રહસ્ય ઉકેલવાનો છે.

### મહારાષ્ટ્ર સુધી પોલીસ પહોંચી, છતાં ખાલી હાથે પરત

વિનોદના વતન મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના શિરપુર તાલુકાના ભોર ટેક ગામ સુધી પણ પોલીસની ટીમ પહોંચી હતી. ત્યાં વિનોદના પિતા એકલા રહેતા હોવાનું અને તેની માતા વિનોદના મોટા ભાઈ સાથે અન્ય સ્થળે રહેતી હોવાનું જાણવા મળ્યું હતું. વિનોદના પિતાએ પોલીસને જણાવ્યું હતું કે આગની ઘટના બની તે દિવસે વિનોદે પોતે વતનમાં આવતો હોવાની જાણ કરી હતી, પરંતુ ત્યારબાદ તે વતન આવ્યો નથી. વિનોદ અને તેની પત્નીના મોબાઇલ પણ બંધ આવી રહ્યા છે.મહારાષ્ટ્ર સુધી તપાસ કર્યા બાદ પણ આરોપી હાથ ન લાગતાં હવે પોલીસની અલગ-અલગ ટીમોને રાજસ્થાન, મહારાષ્ટ્ર અને બિહાર તરફ મોકલવામાં આવી હોવાનું જાણવા મળે છે.